ૐ

શ્રી વૈરાગ્યશતક,

આત્માનિરીક્ષણ

અને

ભજનધૂન.

પ્રકાશક,

મેસર્સ મેઘજી હીરજી એન્ડ કું.

પુસ્તક વેચનારા અને પ્રસિદ્ધ કરનારા.

સને ૧૯૧૨.

મૂલ્ય બે આના.

આજ કિંમત ખરી છે.

અર્પણ.

સ્વર્ગસ્થ શ્રીયુત ચત્રભુજ ખીઅશી પટેલ.

રહેવાસી કચ્છ નલીઆ.

આપના અનેક ગુણોથી આનંદાશ્ચર્ય
પામી આ ગ્રંથ અંતઃકરણપૂર્વક
અર્પણ કરૂં છું. જેનો સ્વીકાર
આપ સ્વર્ગસ્થ હોવા છતાં
કરશો. એવી આશા
રાખતો-

ભવદીય

"મેઘ."

શ્રી વૈરાગ્યશતક, આત્મનિરીક્ષણ અને ભજન ધૂન.

પ્રકાશક,

મેસર્સ મેઘજી હીરજી એન્ડ કું.

તરફથી મેઘજી હીરજી.

જૈન બુકસેલર્સ એન્ડ પબ્લીશર્સ,

૫૬૬, પાયધુની-મુંબઈ.

આવૃત્તિ પહેલી. પ્રત ૧૦૦૦.

કિંમત રૂ. ૦-૨-૦.

અમદાવાદ.

શ્રી "ડાયમંડ જ્યુબિલી" પ્રીન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપી.

ॐ नमोऽर्हते.

આચાર્ય શ્રી ગુણવિજયજી કૃત

શ્રી વૈરાગ્ય શતક.

(ભાષાંતર કર્ત્તા શ્રીયુત મણિલાલ નથુભાઈ દોશી બી. એ.)

આ રોગ અને દુઃખથી ભરપુર એવા અસાર સંસારમાં સુખ નથી; આ બાબત જાણવા છતાં જીવ જીનેશ્વરે કહેલો ધર્મ આચરતો નથી. ૧.

આજ, કાલ, પોર, પરાર ધન મળશે એમ મનુષ્યો ચિંતવે છે, પણ ખોબામાં રહેલા જળની માફક આયુષ્ય ગળે છે તે જોતા નથી! ૨.

હે મનુષ્યો! જે કાલે કરવાનું હોય તે ત્વરાથી આજે કરો. કાળ બહુ વિઘ્નવાળો છે. માટે બીજા પહોરની પણ રાહ જોતા નહિ. ૩.

સંસારના સ્વરૂપનું વર્તન તો જુઓ ! પ્રેમ અને સ્નેહમાં લાગેલા પુરૂષો જે સવારમાં જોવામાં આવ્યા હતા તે સાંજે જણાતા નથી. ૪.

હે લોકો ! જાગવાને ઠેકાણે સુઈ ન રહો ! નાસવાની જગ્યાએ વિશ્રામ ન કરો; રોગ, જરા (વૃદ્ધાવસ્થા) અને મૃત્યુ આ ત્રણ તમારી પુંઠે લાગેલા છે. ૫.

ચંદ્ર અને સૂર્યરૂપ બળદ રાત્રિદિવસ રૂપ ઘડાની હારવડે જીવનું આયુષ્ય રૂપ જળ ગ્રહણ કરીને કાળરૂપ અરહટ્ટને ફેરવે છે. ૬.

કાળરૂપ સર્પથી ખવાતી કાયા જેથી ધારી રખાય તેવી કોઇ કળા નથી, તેવું કોઇ ઔષધ નથી, તેમજ તેવી કોઇ હીકમત નથી. ૭.

મોટા શેષ નાગ રૂપી જેનું નાળવું છે, પર્વતો જેવા જેનાં કેસર છે, દિશાઓ રૂપી જેનાં પાંદડાં છે, એવા પૃથ્વી રૂપ કમળમાંથી મનુષ્ય રૂપી રસને કાળરૂપી ભમર પી જાય છે એ ખેદની વાત છે. ૮.

શરીરના છાયાના બ્હાના વડે સકળ જીવોના છિદ્રને શોધતો કાળ કોઈ પણ પ્રકારે મનુષ્યની બાજુ છોડતો નથી; તેટલા માટે ધર્મમાં ઉદ્યમ કરવો. ૯.

આ અનાદિ કાળ વિષે જુદી જુદી જાતના કર્મને વશ થયેલા જીવોને એવી એક પણ સ્થિતિ નથી કે જે ન સંભવે, (અર્થાત્ સઘળી સ્થિતિઓમાં આ જીવ જઈ આવ્યો છે.) ૧૦.

સર્વ બાંધવો, મિત્રો, પિતા, માતા, પુત્ર, સ્ત્રી વગેરે મરેલા સ્વજનને જળની અંજળી આપી સ્મશાનથી પાછા વળે છે. ૧૧

રે! જીવ! પુત્ર તથા પુત્રીઓનો વિયોગ થાય છે, બાંધવોનો વિયોગ થાય છે, સ્ત્રીઓનો વિયોગ થાય છે, ફક્ત એકનોજ વિયોગ થતો નથી અને તે જીનેશ્વરે કહેલો ધર્મ છે. ૧૨.

આઠ કર્મના પાશથી બંધાયેલો જીવ આ સંસાર રૂપી કેદખાનામાં રહે છે, અને આ આઠ કર્મના પાસથી છુટો થયેલો આત્મા શિવ મંદિરમાં રહે છે. ૧૩.

વૈભવ, સગાં સ્નેહીનો સંબંધ અને વિલાસથી મનોહર એવા વિષય સુખ; આ સર્વ કમળના પાંદડાંના કિનારપર રહેલા પાણીનાં બિંદુના જેવા ચંચળ છે. ૧૪.

હે મનુષ્યો ! તે બળ ક્યાં ગયું ? તે યૌવન ક્યાં ચાલ્યું ગયું ? તે શરીરની શોભા ક્યાં જતી રહી ? આ સર્વ અનિત્ય છે. કાળે આ સર્વ હતું નહતું કરી દીધું તે જુઓ અને વિચારો. ૧૫.

ભારે કર્મ બંધથી બંધાયેલો જીવ આ સંસાર રૂપી નગરના ચૌટા વિષે વિવિધ પ્રકારનું દુઃખ પામે છે: અહીં તેનું કોણ શરણ છે ? ૧૬.

આ જીવ કર્મોને લીધે અશુદ્ધ, અપવિત્ર અને અશુચિ દ્રવ્યથી ભરેલા ગર્ભવાસમાં અનંતવાર વસેલો છે. ૧૭.

આ સંસારમાં જીવોને ઉત્પન્ન થવાનાં સ્થાન ચોરાશી લાખ કહેલાં છે અને એકેક સ્થાનમાં આ જીવ અનંતવાર ઉત્પન્ન થયેલો છે. ૧૮.

જુદા જુદા ઉત્પત્તિ સ્થાનમાં ઉત્પન્ન થયેલાં અને

સંસારમાં રહેલા માતા, પિતા, બંધુ વગેરેથી આ જગત્ ભરાએલું છે; પણ તે લોકો તારૂં રક્ષણ કરે તેમ નથી, તેમજ તને શરણ રૂપ થઈ શકે તેમ નથી. ૧૯.

દુઃખથી ઘેરાએલો જીવ જળ વગરની જગ્યા ઉપર માછલી જેમ તરફડે તેમ તરફડે છે; બધા જીવો તે જુએ છે, પણ તેનું દુઃખ દૂર કરવા કોઇ સમર્થ નથી. ૨૦.

હે જીવ! પુત્ર સ્ત્રી વીગેરે મને સુખના હેતુ થશે એમ તું જાણીશ નહિ; સંસારમાં વસતા જીવોને એજ ગાઢ બંધન રૂપ થાય છે. ૨૧

માતા બીજા ભવમાં સ્ત્રી થાય, અને સ્ત્રી મરીને માતા પણ થાય. પિતા મરીને પુત્ર થાય અને પુત્ર મરીને પિતા થાય. કર્મને વશ સર્વ જીવોની આ સંસારમાં એક સરખી સ્થિતિ નથી. ૨૨.

એવી એક પણ જાતિ નથી, એવું એક પણ ઉત્પત્તિ સ્થાન નથી, એવી એક પણ જગ્યા નથી, એવું એક પણ કુળ નથી કે જ્યાં સર્વ જીવો અ-

નંતવાર જન્મ કે મરણુ પામ્યા ન હોય. ૨૩.

વાળના અગ્ર ભાગ જેવું એક પણુ સ્થાન આ જગત્માં નથી, કે જ્યાં જીવો અનેક પ્રકારના સુખ દુઃખ ઘણી વાર પામ્યા ન હોય. ૨૪.

આ સંસારમાં બધી રિદ્ધિઓ તને ઘણી વાર મળી છે, તથા બધા સ્વજન સંબંધ પણુ તું ઘણી વાર પામ્યો છે; માટે તું જો આત્માને જાણુવા માગતો હોય તો તેથી વૈરાગ્ય પામ. ૨૫.

જીવ પોતે કર્મ બાંધે છે; અને તેજ જીવ એકલો વધ, બંધ, મરણુ વીગેરે દુઃખો અનુભવે છે, અને કર્મથી છેતરાયેલો જીવ એકલો આ સંસારમાં ભમે છે. ૨૬.

બીજો કોઈ અહિત કરતો નથી, તેમજ બીજો કોઈ હિત પણુ કરતો નથી; પણુ આત્માજ પોતાનું અહિત કે હિત કરે છે; અને પોતે કરેલું સુખ દુઃખ આત્મા ભોગવે છે. છતાં પણુ તું દીન મુખ વાળો કેમ બને છે? ૨૭.

હે જીવ! ઘણા આરંભ કરીને મેળવેલું ધન

તારા સ્વજનો ભોગવે છે. પણ તે મેળવતા કરેલું પાપ તારેજ ભોગવવું પડશે. ૨૮.

હે જીવ ! તું તારા દુઃખી અને ભુખ્યા બાળકોની જેટલી ચિંતા કરે છે; તેની થોડી પણ તારા આત્માની તું કરતો નથી તો તને શું કહીએ ? ૨૯.

શરીર ક્ષણભંગુર છે, અને આત્મા શાશ્વત સ્વરૂપી છે. કર્મને લીધે બન્નેનો સંબંધ થયેલો છે. એવા શરીરમાં આટલો બધો મોહ શા માટે રાખે છે ? ૩૦.

હે જીવ ! પુત્ર, માતા, પિતા અને ભાર્યા વગેરેનું કુટુંબ ક્યાંથી આવ્યું ? ક્યાં જશે ? તું ક્યાંથી આવ્યો અને ક્યાં જઇશ ? તમે એક બીજાને આ રીતે જાણતા નથી; ત્યારે આ કુટુંબ સઘળું તારૂં શી રીતે ? ૩૧.

આ શરીર ક્ષણભંગુર છે, વાદળના સમૂહ જેવો આ મનુષ્ય ભવ ચંચળ છે તે દરમ્યાન જેટલો ધર્મ કરી લીધો એટલોજ ખરો સાર છે. ૩૨.

જન્મ દુઃખનું કારણ છે, વૃદ્ધાવસ્થા રોગનું

કારણ છે, મરણ દુ:ખનું કારણ છે, અરે ! આ સંસારજ દુ:ખમય છે, જેથી જીવો ક્લેશ પામે છે. ૩૩.

જ્યાં સુધી ઇન્દ્રિયો નાશ પામી નથી, જ્યાં સુધી વૃદ્ધપણુ રૂપ રાક્ષસે પોતાનું જોર દાખવ્યું નથી, જ્યાં સુધી રોગના વિકારો થયા નથી, જ્યાં સુધી મૃત્યુ ભેટવાને તૈયાર થયું નથી, ત્યાં સુધી હે જીવ! ધર્મ કરી લે. ૩૪

જ્યારે આગ લાગે છે ત્યારે કુવો ખોદવાને કોઇથી પણ બનતું નથી; તેમ મરણ આવી પહોંચે જીવ કેવી રીતે ધર્મ કરી શકશે? ૩૫.

રૂપ અશાશ્વત છે, જગતમાં જીંદગી વીજળી જેવી ચપળ–અસ્થાયી છે, અને યૌવન સંધ્યા સમયના રંગ જેવું ક્ષણિક રમણીય છે. ૩૬.

લક્ષ્મી વીજળીના જેવી ચંચળ છે, વિષય સુખ મેઘ ધનુષ્યના રંગ જેવું ક્ષણિક છે; માટે હે જીવ! સમજ, સમજ, અને આવી નજીવી બાબતોમાં મુંઝાઇ ન રહે. ૩૭.

જેવી રીતે સાંજરે પક્ષીઓનો સંબંધ છે, જેવી રીતે મુસાફરોનો રસ્તામાં સંબંધ છે, તેવીજ રીતે હે જીવ! સ્વજનોનો સંબંધ પણ ક્ષણભંગુર છે. ૩૮.

રાત્રિ પૂરી થયે મારે વિચાર કરવો જોઈએ કે ઘર લાગ્યું છે, છતાં હું કેમ ઉંઘું છું? આ કર્મથી બળતા આત્માની કેમ બેદરકારી કરૂં છું? અને ધર્મ રહિત દિવસો કેમ ગુમાવુ છું? ૩૯.

જે જે રાત્રિ દિવસ જાય છે તે તે પાછા આવતા નથી; તેમજ જે જીવ રાત્રિ દિવસ અધર્મ કરે છે; તેના રાત્રિ દિવસ અફળ જાય છે. ૪૦.

જેને મૃત્યુ સાથે મૈત્રી છે, અથવા મૃત્યુથી નાશી છુટવાને જેને બળ છે, અથવા હું મરીશ નહિ એમ જે નક્કી જાણે છે, તે મનુષ્ય ભવિષ્યમાં ધર્મ કરવાનું ભલે મુલતવી રાખે. ૪૧.

જેવી રીતે વણકરો લાકડી ઉપરથી સુતર ઉખેડે છે, તેવીજ રીતે રાત્રિ અને દિવસ ચાલ્યા જાય છે, તેઓ આયુષ્યને ઓછું કરે છે, અને ગયા પછી પાછા આવતા નથી. ૪૨.

જેવી રીતે સિંહ મૃગને ઝાલીને અવશ્ય મારે છે, તેવીજ રીતે મૃત્યુ અંત સમયે મનુષ્યને ઝાલે છે, તે વખતે તેના માતા, પિતા કે ભાઈ તેમાં ભાગ પડાવતા નથી. ૪૩.

જીંદગી પાણીના પરપોટા સમાન છે, વૈભવ પાણીના તરંગની માફક અસ્થિર છે, અને રાગ સ્વપ્ન તુલ્ય છે; જો તુ આ યથાર્થ જાણતો હોય તો તે પ્રમાણે વરત. ૪૪.

સંધ્યા સમયના રંગ જેવી અને પાણીના પરપોટા સમાન આ જીંદગી છે, અને યૌવન નદીના વેગ સમાન છે, છતાં હે પાપી જીવ! તુ કેમ સમજતો નથી? ૪૫.

ભૂતને બલી ફેંકવામાં આવે તેમ મૃત્યુ દેવે કુટુંબને જૂદે જૂદે સ્થળે ફેંકી દીધું છે. ૪૬.

પુત્ર, પુત્રી આદિ કાંઈક ગયા, સ્ત્રી કાંઈક ચાલી ગઈ, અને સ્વજનો પણ બીજે સ્થળે ચાલ્યા ગયા. ૪૭.

જૂદા જૂદા ભવોમાં જીવે જે શરીરો ધારણ કર્યાં તથા તજ્યાં તેમની સંખ્યા અનંત સાગરના

બિંદુથી પણ મપાય તેમ નથી. ૪૮.

જૂદા જૂદા જન્મોની રડતી માતાઓનાં આંસુની સંખ્યા સમુદ્રના પાણીના બિન્દુઓ કરતાં પણ વધારે થાય. ૪૯.

નરકમાં નરકના જીવો જે અનંત ઘોર દુઃખ અનુભવે છે, તેના કરતાં પણ અનંત ગણું દુઃખ નિગોદમાં જીવ ભોગવે છે. ૫૦.

હે જીવ! વિવિધ કર્મને લીધે તેં નિગોદ મધ્યે અનંત પુદ્ગલ પરાવર્તન સુધી તીક્ષ્ણ દુઃખ સહન કરેલ છે. ૫૧.

ત્યાંથી ઘણી મહેનતે બ્હાર નીકળીને હે જીવ! તું મનુષ્યત્વ પામ્યો અને ત્યાં ચિંતામણી રત્ન જેવો જીનવર ધર્મ તને મળ્યો. ૫૨.

હે જીવ ! આવો ધર્મ પામ્યા છતાં જેથી ભવ રૂપી કુવામાં પડીને ફરીથી દુઃખ ભોગવવું પડે એવો પ્રમાદ તું કેમ કરે છે? ૫૩.

હે જીવ ! જૈન ધર્મ પામ્યો, છતાં પ્રમાદ દોષથી તેં તેનું સેવન ન કર્યું. હે ! આત્માના વૈરી જીવ !

આગળ ઉપર તારે ઘણો પશ્ચાતાપ કરવો પડશે.૫૪.

પાપ અને પ્રમાદને વશ થઇ જેઓએ જૈન ધર્મનું પાલન કર્યું નથી, તે બિચારા જીવો મરણ પાસે આવે ઘણા દિલગીર થાય છે. આ સંસારને ધિક્કાર હો, કે જેમાં દેવ મરીને તિર્યંચ થાય છે અને ચક્રવર્તી રાજા મરીને નરકાગ્નિમાં બળે છે.૫૫.

ધન, ધાન્ય, આભૂષણ, ગૃહ અને સ્વજન કુટુંબને તજીને કર્મ રૂપી પવનથી હણાયેલા વૃક્ષના પુષ્પની માફક જીવ અનાથ થઈ જાય છે. ૫૬.

આ સંસારમાં પ્રયાણ કરતો જીવ પર્વતોમાં, ગુફામાં, સમુદ્રની મધ્યમાં, ઝાડની ટોચે રહેલો છે.૫૭.

હે જીવ ! તું કેટલીક વાર દેવ, કેટલીક વાર નારકી, કેટલીક વાર કીડો, કેટલીક વાર મનુષ્ય, કેટલીક વાર રૂપવાન, કેટલીક વાર બેડોળ, કેટલીક વાર સુખી અને કેટલીક વાર દુઃખી થાય છે. ૫૮.

હે જીવ ! તું રાજા થયો, ભીખારી થયો, ચાંડાલ થયો, વેદ જાણનાર થયો, સ્વામી થયો, દાસ થયો, પૂજ્ય થયો, શઠ થયો, નિર્ધન થયો અને

ધનવાન પણ થયો. ૫૯.

આમાં કાંઇ નિયમ નથી, પણ પોતાના કર્મની પ્રકૃતિ તેની જેવી ગતિ કરે તેમ જીવ અનેક અનેક વેષ ધારણ કરી નટની માફક વર્તે છે. ૬૦.

હે જીવ ! નરકમાં તને અનંત વાર બહુ પ્રકારની, ઉપમા ન આપી શકાય તેવી અને દુઃખ પૂર્ણ વેદના મળેલી છે. ૬૧.

દેવ પણામાં, મનુષ્ય પણામાં અને પરતંત્ર પણું પામીને અનંત વાર બહુ પ્રકારનું ભયંકર દુઃખ તેં અનુભવ્યું છે. ૬૨.

તિર્યંચ જાતિમાં ઉત્પન્ન થઇ અનેક પ્રકારની ભયંકર વેદના હે જીવ ! તેં અનુભવી છે; જન્મ મરણની રેંટ માળમાં તું અનેક વાર ભમ્યો છે. ૬૩.

શરીર સંબંધી અથવા મન સંબંધી જે કોઈ દુઃખ છે, તે આ જીવે આ સંસાર રૂપી અરણ્યમાં અનંતવાર અનુભવ્યા છે. ૬૪.

આ સંસારમાં તારી એવી તૃષ્ણા અનંત વાર હતી કે જે તૃષ્ણ શાંત પમાડવાને સર્વે સમુદ્રોનાં

જળ પણ પૂરતાં ન થઈ શકે. ૬૫.

આ સંસારમાં અનંતવાર તારી ભૂખ એવી બધી હતી કે જે મટાડવાને સર્વ પુર્ગલ (જડ પદાર્થ) સમૂહ પણ પુરતા નથી. ૬૬.

અનેક જન્મ મરણુની પરંપરા કરીને મહા મહેનતે મનુષ્ય જન્મ મળે છે, ત્યારે જીવ પોતાનું ઇચ્છિત કાર્ય (કલ્યાણુ) કરી શકે છે. ૬૭.

મનુષ્ય જન્મ બહુજ દુર્લભ છે, અને મનુષ્યત્વ વિજળીના ચમકારાની માફક ચપળ છે; છતાં જે ધર્મને વિષે આળસુ રહે છે, તે કાયર પુરૂષ છે પણ સત્પુરૂષ નથી. ૬૮.

સંસાર સમુદ્રના તટરૂપ મનુષ્ય જન્મ પામીને, જેણે જિનેંદ્ર ભગવાને પ્રરૂપેલો ધર્મ નથી આચર્યો, તે પુરૂષ દોરી તૂટે જેમ ધનુષ્ય ધારીને હાથ ઘસવા પડે છે, તેમ જરૂર હાથ ઘસે છે. ૬૯.

હે જીવ ! બરાબર શ્રવણુ કર, ચંચળ સ્વભાવ વાળા સઘળા બાહ્ય પદાર્થો તથા નવ પ્રકારના પરિગ્રહના સમૂહને તારે મૂકવા પડશે. આ સંસા-

રમાં આ સર્વ ઇંદ્રિજાળ સમાન છે. ૭૦.

હે મૂર્ખ ! પિતા, પુત્ર, મિત્ર, સ્ત્રી વગેરે તો આ લોક સંબંધી છે, અને સર્વ પોતાનું સુખ મેળવવાના સ્વભાવવાળા છે, તું એકલોજ નરક તિર્યંચ વગેરેના દુઃખ સહન કરીશ. અને તે વખતે તારૂં કોઈ પણ રક્ષણ કરનાર નથી. ૭૧.

જેવી રીતે ઝાકળનું બિન્દુ કુશના અગ્રભાગ પર ઘણોજ થોડો વખત ટકી રહે છે, તેવીજ રીતે આ મનુષ્યોનું જીવિત છે, માટે હે ગૌતમ! **એક સમય પણ તું પ્રમાદ કરીશ નહિ. ૭૨.**

ભગવાન્ કહે છે કે:—

બુઝો. (બોધ પામો!) કેમ બુઝતા નથી? (બોધ પામતા નથી?) મરણ પછી આવું બોધી જ્ઞાન મળવું દુર્લભ છે, રાત્રિ દિવસ જે ગયા તે પાછા આવતા નથી. ફરીથી આવું જીવિત મળવું સુલભ નથી. હે બાલો! હે વૃદ્ધો! આંખ ઉઘાડીને જુઓ. ગર્ભમાં રહેલા જીવો પણ મરણ પામે છે.

જેવી રીતે બાજ પક્ષી ચકલીને મારે છે, તેમ આયુષ્ય પુરૂં થયે જીંદગી નાશ પામે છે. ૭૩–૭૪.

ત્રણ ભુવનના મનુષ્યોને મરતા જોઈ જે પોતાના આત્માને કલ્યાણ માર્ગમાં જોડતો નથી, તેમજ પાપથી પાછો હઠતો નથી, તેના નિર્લજપણાને ધિક્કાર થાઓ. ૭૫.

જેઓ ચિકણાં કર્મથી બંધાએલા છે, તેમને બહુ ઉપદેશ ન આપો. તેમને આપેલી હિત શિખામણ મોટા અનર્થ કે દ્વેષનું કારણ થાય છે. ૭૬.

હે જીવ! અનંત દુઃખનાં કારણ એવા ધન, સ્વજન, વૈભવ વગેરેમાં તું મમત્વ ભાવ ધારણ કરે છે, પણ અનંત સુખરૂપ મોક્ષના માર્ગમાં બહુ શિથિલ દેખાય છે.

સંસાર દુઃખનું કારણ છે, દુઃખ રૂપ ફળવાળો છે, અને દુઃખે કરીને ભોગવાય એવો દુઃખ સ્વરૂપી છે; છતાં પણ સ્નેહની સાંકળોથી બંધાયેલા જીવો આ સંસારને ત્યજતા નથી. ૭૮.

પોતાના કર્મરૂપ પવને કરી ચાલેલો જીવ આ

ભયંકર સંસાર રૂપી વનમાં દુઃખે કરીને ભોગવાય એવી કઈ કઇ વીટંબનાઓ નથી અનુભવતો ? ૭૯.

તિર્યંચના ભવમાં અરણ્ય વિષે, શિયાળામાં શીતળ પવનની લ્હેરોથી ઘણી વાર તારો દેહ ભેદાયો છે, અને આ રીતે અનંતવાર તું મરણ પામ્યો છે.૮૦.

તિર્યંચના ભવમાં અરણ્યમાં, ઉનાળાના સંપ્ત તાપથી તપેલા તેં બહુ વાર ભૂખ અને તરસનાં દુઃખ વેઠયાં છે; અને ઘણું ઝુરી ઝુરીને મરણ દુઃખ પામ્યો છું. ૮૧.

તિર્યંચના ભવમાં વર્ષાઋતુમાં જઇને, અરણ્યમાં પર્વતની નદીથી ખેંચાઇ, શીત પવનથી ઠરી જઈને તુ ઘણી વાર મરણ પામ્યો છે. ૮૨.

આ પ્રમાણે તિર્યંચના ભવમાં લાખો ગમે દુ;ખ સહન કરતો તું અનંતવાર આ ભયંકર સંસાર રૂપી અરણ્યમાં ભટકયો છું. ૮૩.

હે જીવ ! દુષ્ટ આઠ કર્મરૂપી પ્રલય કાળના પવનથી પ્રેરાયેલા અને આ ભયંકર સંસાર રૂપી અરણ્યમાં ફરતા તેં અનંતવાર નરકમાં દુઃખ અનુભવ્યાં છે. ૮૪.

સાત નરકોમાં વજ્રાગ્નિ જેવી ગરમીથી અને અતિ શિતળતાથી ઉત્પન્ન થતી વેદનાઓમાં કરૂણ શબ્દો વડે વિલાપ કરતો તું અનંતવાર વસ્યો છું.૮૫.

આ સંસારમાં મનુષ્ય ભવમાં પણ પિતા, માતા કે સ્વજન વગરનો થઈને અથવા ભારે પીડા સહન કરીને તેં ઘણી વાર વિલાપ કર્યો છે, આ બધું તું કેમ સંભારતો નથી? ૮૬.

આ સંસાર રૂપી વનમાં ધન, સ્વજન વગેરેનો ત્યાગ કરીને, આકાશ માર્ગમાં ન દેખાતા પવનની માફક, આ જીવ એક સ્થાનથી બીજા સ્થાનમાં ભટકે છે. ૮૭.

જન્મ, જરા અને મરણ રૂપ તીક્ષણ ભાલાએ કરી અનેકવાર વિધાયેલા જીવો, સંસારમાં ફરતાં અનેક ભયંકર દુઃખ અનુભવે છે. ૮૮.

છતાં પણ અજ્ઞાન રૂપી સર્પથી ડંખ પામેલા મૂઢ મનવાળા જીવો એક ક્ષણ વાર પણ આ સંસારરૂપ બંદિખાના તરફ વૈરાગ્ય ધરાવતા નથી ૮૯.

જ્યાં દરેક ક્ષણે કાળરૂપ રેંટ તેની ઘડીઓ વડે

શરીરરૂપી વાવમાંથી જીંદગીરૂપી જળ ખેંચી લે છે; ત્યાં તું કેટલો વખત ક્રીડા કરી શકીશ? ૯૦.

હે જીવ! બોધ પામ! હે પાપી જીવ! પ્રમાદ ન કર! રે અજ્ઞાની જીવ! પરલોકમાં મહા દુઃખનું ભાજન (પાત્ર) તું કેમ થાય છે? ૯૧.

રે જીવ! બોધ પામ! અને જીન મત જાણીને મુંઝાઈ ન જા. હે જીવ! ફરીથી આવી સામગ્રી મળવી બહુ દુર્લભ છે. ૯૨.

જીન ધર્મ દુર્લભ છે. તુ પ્રમાદની ખાણુ છે અને સુખની ઈચ્છા કરે છે. નરક દુઃખ અતિ દુઃસહ છે. આ કારણુથી તારૂં સારૂ શું થશે તે અમે જાણુતા નથી. ૯૩.

રે જીવ! અસ્થિર, મળ સાહિત અને રોગાદીને આધિન એવા શરીર વડે સ્થિર, નિર્મળ અને સ્વાધીન એવો જો ધર્મ મળતો હોય તો શું ખામી રહી? ૯૪.

તુચ્છ વૈભવ વાળાને ચિંતામણી રત્ન મળવું દુર્લભ છે; તેમ ગુણુ વૈભવ રહિત જીવોને ધર્મ રત્ન મળવું દુર્લભ છે. ૯૫.

જન્મથી અંધ પુરૂષોને જેમ દૃષ્ટિનો સંયોગ–એટલે દેખવું અશક્ય છે, તેમ મિથ્યાત્વથી અંધ જીવોને જીન મત સંયોગ અશક્ય છે. ૯૬.

અનંત ગુણ યુક્ત જીન ધર્મમાં દોષનો લેશ પણ અંશ નથી, તોપણ હે ભવ્ય જીવો! અજ્ઞાનથી અંધ થઇ તમે તે જીન ધર્મમાં કેમ જોડાતા નથી? ૯૭.

મિથ્યાત્વમાં (અસત્ય મતમાં) અનંત દોષ પ્રગટપણે દેખાય છે. ત્યાં જરા પણ ગુણનો ભાસ નથી; તોપણ મોહાંધ જીવો તે મિથ્યાત્વનું સેવન કરે છે એ આશ્ચર્ય છે. ૯૮.

જે લોકો સુખરૂપ, સત્યમય ધર્મ રત્નની પરીક્ષા જાણતા નથી, તે મનુષ્યોની કળા અને ગુણો સંબંધી ચતુરાઇને ધિક્કાર હો! ૯૯.

આ **જીન** ધર્મ જીવોને અપૂર્વ કલ્પ વૃક્ષ સમાન છે, અને સ્વર્ગ તથા મોક્ષ રૂપ ફળને આપવા વાળો છે. ધર્મ એજ બંધુ છે; ધર્મ એજ સુમિત્ર છે. ૧૦૦.

ધર્મ એજ પરમ ગુરૂ છે, અને મોક્ષ માર્ગમાં પ્રવૃત્ત થયેલાને ધર્મ એજ પરમ રથ છે. ૧૦૧.

હે જીવ! ચતુર્ગતિનાં અનંત દુઃખરૂપી અગ્નિએ સળગાવેલ સંસાર રૂપી ભયંકર વનમાં અમૃતનાં કુંડ સમાન જીન વચન છે, માટે તેનું તું સેવન કર. ૧૦૨.

અનંત દુઃખ રૂપ ગ્રીષ્મ ઋતુના તડકાથી તપેલા આ સંસાર રૂપી મારવાડ દેશમાં **જીન** ધર્મ એજ કલ્પવૃક્ષ સમાન છે. તે શિવ સુખને આપનાર **જીન** ધર્મનું તું સેવન કર. ૧૦૩.

હે જીવો! વધારે કહેવાથી શું? તમારે **જૈન** ધર્મમાં એવી રીતે શ્રમ લેવો જોઇએ કે જેથી તમે આ સંસાર રૂપી ભયંકર સમુદ્રને જલ્દીથી તરીને અનંત સુખરૂપ શાશ્વત સ્થાન પામો. ૧૦૪.

વૈરાગ્યશતક સંપૂર્ણ.

આત્માનિરીક્ષણ.

(Self-Examination.)

આત્મશુદ્ધિનો સરલ માર્ગ.

(લેખક-શ્રીયુત મણિલાલ નથુભાઈ દોશી. બી. એ.)

પ્રવેશિકા.

" Never suffer sleep to close thy eye-lids, after thy going to bed, till thou hast examined by thy Reason all thy actions of the day. " Wherein have I done amiss ? What have I done ? What have I omitted that I ought to have done ?"

If in this examination thou find that thou hast done *amiss*, *reprimand* thyself severely for it, and if thou hast done any *good*, *rejoice*"

Pythagoras.

"હે મનુષ્ય ! તુ રાત્રે સુવાને તૈયાર થા ! પણ જ્યાં સુધી તેં આખા દિવસમાં કરેલાં કાર્યોની તું અંતઃકરણથી તપાસ ન કરી જાય, ત્યાં સુધી તું નિદ્રા–ઉંઘને વશ થતો ના. તારા મન સાથે આ પ્રમાણે વિચાર કર. " મારી કયાં ભૂલ થઇ છે? મેં શું શું કાર્ય આજે કર્યું છે? મારે કરવા લાયક કયું કામ મેં નથી કર્યું?" જો આ રીતે તપાસ કરતાં–અંતઃકરણ સાથે બારીક તપાસ કરતાં–તને એમ લાગે કે કાંઇ અયોગ્ય કાર્ય આજે તારા હાથે થવા પામ્યું છે, તો તે વાસ્તે તારી જાતને સખત ઠપકો આપજે. જો તેં કાંઇ પણ શુભ કાર્ય કર્યું હોય તો તેથી હૃદયમાં આનંદ માનજે."

—પાયથેગોરાસ.

આ શબ્દો એટલા બધા ગંભીર અર્થવાળા છે કે જે મનુષ્ય તેના પર લક્ષ દઇને વિચાર કરે. તેજ તેનો ખરો અર્થ સમજે, અને તે પ્રમાણે પોતાના આચારવિચાર પણ રાખે.

આપણે કરવા યોગ્ય શું છે અને ન કરવા યોગ્ય શું છે, એ બાબતનું જ્ઞાન મનુષ્યને પહેલું મળે તો પછી ભૂલ કયાં થયેલી છે, અથવા પોતે કયું કામ નથી કર્યું તેનો ખ્યાલ તેને આવી શકે. જો આ જ્ઞાન આપણને બરાબર હોય તોજ શુભ કામની આપણે પ્રશંસા કરી શકીએ, અને અશુભ કામ વાસ્તે પસ્તાવો કરી શકીએ. આ વિચારથી આ લેખમાં કરવા યોગ્ય અને ન કરવા યોગ્ય કાર્યોની નોંધ આપેલી છે, તે પર આત્મશુદ્ધિની ઈચ્છા રાખનાર દરેક પુરૂષે બરાબર વિચાર કરવો.

આ તપાસ આપણે દરરોજ સૂતી વેળાએ કરવી જોઇએ. દરરોજ આમ કરવાથી આપણી યાદદાસ્તી વધતી જશે, અને ભૂલ કરવાના પ્રસંગો જેમ બને તેમ ઓછા થતા જશે.

જેમ રાત્રિએ વ્યાપારી નફા નુકશાનનું સરવૈયું કાઢે છે, તેમ આપણે પણ આત્માના ગુણના વ્યાપારનું દર રાત્રિએ સરવૈયું કાઢવું જોઇએ. આપણે આપણા અંતઃકરણરૂપી ન્યાયાધીશ પાસે આખા દિવસમાં કરેલાં કાર્યોનો હિસાબ આપવો જોઇએ. આપણે દરરાત્રિએ આત્મપ્રભુ સંમુખ નીચે પ્રમાણે બોલવું જોઈએ; મારી ભૂલ ક્યાં થઇ છે? મેં શું કર્યું છે? મેં કરવા યોગ્ય શું નથી કર્યું? આટલા થોડા શબ્દોમાં બધી બાબતો સમાઇ જાય છે.

આપણે કરવા યોગ્ય કર્યો કયાં છે તેના બરાબર વિભાગ આ નાનકડા લેખમાં આગળ જતાં પાડવામાં આવશે. છતાં અત્રે ટુંકામાં કેટલાક નિયમો જણાવીશું.

આપણે આપણા ઇષ્ટદેવ તરફ ભક્તિભાવ રાખવો; આપણા માતપિતા તથા વડિલો તરફ પૂજ્યભાવ રાખવો; સત્પુરૂષોનો સમાગમ કરવો; આપણા મનોવિકાર અને હલકી વાસનાઓને સંયમમાં લાવવી; વ્યાપારમાં તેમજ દરેક બાબતમાં

ન્યાયપૂર્વક વર્તવું; જીંદગીની ક્ષણિકતા અને લક્ષ્મીનું ચંચળપણું વિચારવું; ઉચ્ચ વિચારો અને ભાવનાઓપર આપણું મન સ્થિર કરવું; દરેક કાર્ય કરતાં પહેલાં અથવા દરેક શબ્દ બોલતાં પહેલાં બહુ વિચાર કરવો; કોઇ પણ બાબતનો દુરાગ્રહ નહિ કરતાં સત્યના શોધક બનવું; ટુંકામાં જેથી દુર્ગુણ નાશ પામે, સદ્‌ગુણ ખીલે અને આત્માની સંમુખ જવાય તેવા સર્વ ઉપાયો યોજવા. આ સર્વનો **કર્તવ્યમાં**–કરવા યોગ્ય કાર્યોમાં–સમાવેશ થઈ જાય છે.

ઉપર જણાવેલાં કાર્યો કરવા યોગ્ય છે, એવી એકવાર આપણી બરાબર ખાત્રી થાય તો પછી આપણને એક ઉમદા ધોરણ મળે છે અને તે ધોરણ વડે આપણે આપણાં કાર્યોની તુલના આત્મ પ્રભુ સંમુખ કરી શકીએ છીએ.

આ ધોરણનો બરાબર ખ્યાલ હૃદયમાં રાખી રાત્રિએ આપણી જાતને પૂછવું જોઈએ કે: ‘મેં ભૂલ ક્યાં કરી છે? અથવા તો મેં સારૂં શું કર્યું

છે?' જો આખા દિવસના કાર્યોની બરાબર તપાસ કરતાં આ સવાલના જવાબમાં આપણને હૃદયથી એમ લાગે કે આમાંનો એક પણ નિયમ આખા દિવસમાં મેં નથી ભાગ્યો, તો તેજ વખતે આપણું અંતઃકરણ, આપણા કંઠમાં દિવ્ય આનંદની માળા આરોપે છે. પણ બારીક તપાસની અંતે આપણને એમ લાગે કે આપણાથી આ દિવસમાં કેટલાક દોષ થયેલા છે તો તેજ અંતઃકરણ પશ્ચાતાપની અગ્નિથી આપણને બાળે છે. જેમ સોનાને લાગેલો મેલ અગ્નિથી બળી જાય, તેજ રીતે આત્માને લાગેલો મેલ આ પશ્ચાત્તાપની અગ્નિથી બળી જાય છે અને આત્મા શુદ્ધ બને છે; આ હેતુથીજ દર-રોજ રાત્રીએ ઉંઘતાં પહેલાંજ દિવસમાં કરેલાં કાર્યોની તપાસ કરવાની ખાસ જરૂર છે.

શરૂઆતમાં કેટલાક દિવસ સુધી આ કામ કરવામાં શરીર તમને અંતરાય રૂપ થશે. તમને કેટલીવાર આ તપાસ કર્યા શિવાય એમને એમ સુઇ જવાનું મન થશે પણ તેથી જરા પણ ગભ-

રાતા નહિ. પણ તમારા નિશ્ચયને વળગી રહેજો. જો તમારો, આત્માને પવિત્ર બનાવવાનો સંકલ્પ દૃઢ હશે તો આ અડચણ દૂર થતાં વાર લાગશે નહિ. થોડા દિવસ સુધી ટેવ પાડયા પછી શરીર જરૂર તમારી આજ્ઞા પ્રમાણે વર્તશે.

જે પાપ કરવામાં આવે છે, તેના બે વિભાગ પાડી શકાય. કરવા યોગ્ય કાર્ય નહિ કરવાથી પાપ બંધાય છે, તેમજ નહિ કરવા યોગ્ય કાર્ય કરવાથી પણ પાપ બંધાય છે. આ માટે બે જુદા જુદા પ્રશ્નો આપણે આપણી જાતને પૂછવા જોઇએ: "મારે કરવા યોગ્ય કયું કામ આજના દિવસમાં ભૂલી ગયો છું ?" એ પ્રથમ સવાલ છે. બીજો સવાલ એમ જણાવે છે કે "મેં નહિ કરવા યોગ્ય કયું કામ આજે કર્યું છે ?"

આ રીતે આપણને જણાય છે કે પાપના બે વિભાગ છે. શુભકાર્ય કરવાનું ભુલી જવું તે અને ખરાબ કામ કરવું તે; આ બન્ને જુદી બાબત છે. એક વિધિ માર્ગનું ઉલ્લંઘન છે; બીજું પ્રતિ-

ષેધ માર્ગનું ઉલ્લંઘન છે. દાખલા તરીકે ધર્મશાસ્ત્રો એમ ઉપદેશ આપે છે કે " માતપિતાની ભક્તિ કરવી." જે મનુષ્ય માતાપિતાની ભક્તિ નથી કરતો, તે આ વિધમાર્ગથી વિરૂદ્ધ ચાલે છે. વળી શાસ્ત્રમાં લખેલું છે કે " તું ચોરી કરતો નહિ." આ પ્રતિષેધ-નિષેધ માર્ગ છે. હવે જે ચોરી કરે છે તે પ્રતિષેધ માર્ગની વિરૂદ્ધ વર્તે છે એટલે કે, પ્રતિષેધ માર્ગનું ઉલ્લંઘન કરે છે.

આ સંબંધમાં એક અગત્યની બાબત ઉપર તમારૂં ધ્યાન ખેંચવામાં આવે છે. રાત્રિએ આ તપાસ કરતી વખતે પોતે કરેલાં ઘણાં કાર્યો ભૂલી જવાય છે. તેમ ન બને તે માટે આ એક ઉપાય સૂચવવામાં આવે છે.

પ્રાતઃકાળથી આરંભ કરવાને બદલે રાત્રિથી આરંભી કાર્યનું અવલોકન કરો. રાત્રિએ અવલોકન કરવા માંડયું તે અગાઉ મેં શું કર્યું હતું ? તે પહેલાં હું ક્યાં હતો ? ત્યાં શું કરતો હતો ? આ રીતે રાત્રિથી આરંભી છેક પ્રાતઃકાળનું કાર્ય યાદ આવે,

ત્યાંસુધી વિચારમાં ને વિચારમાં પાછા જવું. આમ કરવાથી એક પણ કાર્ય તમે ભુલી જશો નહિ, અને તમે કરેલાં કાર્યોનું આ રીતે બારીક અવ. લોકન તમારા અંતરાત્મા રૂપી ન્યાયાધીશ પાસે કરી શકશો આપણું અંતઃકરણ એજ આપણો ન્યાયાધીશ છે. તેના જેવો સમર્થ અને સત્યપ્રિય ન્યાયાધીશ તમને બીજે કોઇ સ્થળે મળી શકશે નહિ. અંતઃકરણથી કાંઇ છુપુ નથી; એ ખરે-ખરો ન્યાય આપે છે, તેનામાં જરા પણ પક્ષપાત નથી. આપણે બીજાનો ઉપદેશ ન ગણુગારીએ. પણ આ અંતઃકરણનો એવો સખ્ત આદેશ (હુકમ) છે કે તેને ગણકાર્યા વિના ચાલેજ નહિ.

આ પ્રમાણે દરરોજ બુદ્ધિપૂર્વક ખરા અંતઃકરણથી પ્રયત્ન કરવાથી અશુભ કાર્યો કરતાં આપણે અટ-કીએ છીએ, અને શુભ કાર્યોમાં સ્વભાવિક રીતે આપણી પ્રવૃત્તિ થાય છે, અને આપણું હૃદય નિર્મળ બને છે. જો આ સઘળા લાભ મેળવવા તમારી જીગરની ઇચ્છા હોય, જો આત્માની શુદ્ધતા મેળ-

વવી હોય તો દરરોજ સુતી વેળાએ એકાગ્ર ચિત્તથી નીચેનો ટુંક લેખ વાંચો, વિચારો અને તે પ્રમાણે વર્તો.

આત્મનિરીક્ષણ
(Self Examination.)
અને
દરરોજના કાર્યોનું અવલોકન.

દરરોજ સુતી વખતે કરવા યોગ્ય વિચારો.

હે પરમ કૃપાળુ દયાવાન્ ક્ષમાવાન્ પ્રભુ! આજે પૂર્ણ થતા દિવસની અંદર આ જીવથી માનસિક, વાચિક કે કાયિક જે કાંઇ પાપ થયું હોય તેની આપ સમક્ષ ખરા અંતઃકરણપૂર્વક ક્ષમા માગવાને આ જીવ તત્પર થયેલો છે. હે પ્રભો! આપ સર્વ જાણો છો, એટલે આજના દિવસમાં મારાથી કયા અપરાધો થવા પામ્યા છે, તે આપથી અજાણ્યું નહિ હોય છતાં કરવા યોગ્ય કામ નહિ કરવાથી અથવા નહિ કરવા યોગ્ય કામ આચરવાથી મેં દોષ કર્યા હોય, તે આપ સમક્ષ નિવેદન કર-

વાને હું પ્રવૃત્ત થયેલો છું. હે દેવ! આપની કૃપાથી શુદ્ધ આચરણ શેમાં રહેલું છે, અને અશુદ્ધ આચરણ શેમાં રહેલું છે. તેથી હું તદ્દન અજાણ્યો નથી, પણ ક્રોધ, અહંકાર, કપટ, લોભ કે કામને વશ થઈ મારાથી જે અશુભ આચરણ થયું હોય, તે આપને જણાવી હું આપ પાસે ક્ષમા યાચું છું અને ઇચ્છું છું કે ફરીથી એવું આચરણ મારાથી ન થાય તેવું બળ મને મળે.

(નીચે જણાવેલા) દશ અધર્મમાંથી પ્રમાદ દશાથી અથવા અજ્ઞાનતાથી જે પાપ થવા પામ્યું હોય, તેનું હું સ્મરણ લાવું છું. તે કામને આત્મશાક્ષીએ, તેમ હે પ્રભો! આપની શાક્ષીએ અનુચિત ગણું છું, નિંદું છું. અને ફરીથી તે કામ હું નહિ કરૂં એવી દૃઢ પ્રતિજ્ઞા આપની સન્મુખ હૃદયથી લેઉં છું.

તે દશ અધર્મ નીચે પ્રમાણે છે.

ત્રણ પ્રકારનાં માનસિક (મનમાં) પાપ.

(૧) પારકા દ્રવ્યની અયોગ્ય ઇચ્છા કરવી;

(૨) કોઈ પણ પ્રાણીનું અનિષ્ટ ચિંતવવું;

(૩) અસત્ય વાતને સત્ય તરીકે સ્વીકારી લેવી;

ચાર પ્રકારનાં **વાચિક** (વાણીનાં) પાપ.

(૧) કોઇને પણ દુઃખ થાય તેવું કડવું વચન બોલવું;

(૨) હૃદયથી જે માનતા હોઇએ તે વિરૂદ્ધ અસત્ય બોલવું;

(૩) પારકી ચાડી કે નિંદા કરવી;

(૪) સંબંધ વગરનાં ગપ્પાં મારવામાં સમયને નકામો ગુમાવવો;

ત્રણ પ્રકારનાં **શારીરિક** પાપ.

(૧) બીજાએ નહિ આપેલી વસ્તુ લોભથી કે અન્યાયથી ગ્રહણ કરવી;

(૨) કોઈ જીવની હિંસા કરવી;

(૩) પરસ્ત્રી સાથે અયોગ્ય વર્તન આચરવું.

આ પ્રકારના દશ અધર્મમાંથી કોઈ પણ અધર્મ મન, વચન કે શરીરથી આ જીવે આચર્યું હોય તો તેની આત્મસાક્ષીએ મન, વચન અને શરીરથી ક્ષમા માગું છું, હૃદયથી તેનો પશ્ચાત્તાપ કરૂં છું, ફરીથી તેવું નહિ કરવાની પ્રતિજ્ઞા લઉં છું, અને

તે પ્રતિજ્ઞા પાળવાનું બળ મને મળો એવી હે પ્રભો ! આપ પાસે પ્રાર્થના કરૂં છું. જે પાપને વાસ્તે ક્ષમા માગવા અને આત્મશાક્ષીએ પશ્ચાત્તાપ કરવા હું તૈયાર થયેલો છું તે પાપની ક્ષમા માગવાનો અને પશ્ચાત્તાપ કરવાનો ફરીથી સમય ન આવે એજ આ હૃદયની પ્રાર્થના.

દશ પ્રકારના ધર્મ.

(૧) **શમ** પાળવો એટલે મનને કાબુમાં રાખવું અને જુદા જુદા વિચારોમાં અને વિષયોમાં તેને રખડવા ન દેવું.

(૨) **દમ** ગુણ સેવવો, એટલે દરેક પ્રસંગે ઇંદ્રિયો પર સંપૂર્ણ કાબુ રાખવો.

(૩) દરેક પ્રસંગે સત્ય બોલવું.

(૪) લોકોએ આપણા તરફ કરેલા અપરાધ વાસ્તે હૃદયથી ક્ષમા આપવી.

(૫) દાનમાં યથાશક્તિ દરરોજ કાંઇક ધન આપવું.

(૬) દયાનું કાંઇ પણ સારૂં કામ કોઇના પર કરવું.

(૭) પ્રભુપૂજન, ગુરૂભક્તિ અને વડિલોનો
વિનય કરવો.

(૮) મન, વચન અને કાયાથી શુદ્ધતા પાળવી.

(૯) જ્ઞાન મેળવવામાં પ્રતિદિન થોડો પણ
સમય પસાર કરવો.

(૧૦) જગતના તમામ જીવોનું કલ્યાણ થાઓ.

એવી શુભ ભાવના દરરોજ ઓછામાં ઓછી પાંચ મીનીટ ભાવવી.

આ દશ પ્રકારના કરવા યોગ્ય કાર્યોથી—આચરવા યોગ્ય ધર્મોમાંથી જો કોઇ પણ ધર્મ કાંઇક પણ અંશે હું આચરવા આજના દિવસમાં સમર્થ થયો હોઉં તો કાર્યને હું અભિવંદુ છું, તે કાર્ય વાસ્તે હું આનંદ પામું છું, અને તેવું શુભ કાર્ય કરવાનું વિશેષ બળ મને પ્રાપ્ત થાઓ એજ હૃદયની તીવ્ર ઇચ્છા છે. આ રીતે હે પ્રભો ! મારા દુર્ગુણો વિનાશ પામો ! દશ સદ્ગુણો ધીમે ધીમે વૃદ્ધિ પામતા જાઓ. મારામાં જે કાંઇ શક્તિઓ હોય તેનો પરોપકાર વાસ્તે સદુપયોગ થાઓ !

એજ હે દેવ! મારી પ્રાર્થના છે. છેવટમાં એજ યાચના છે કેઃ—

अहं सर्वान् क्षमे जीवान्,
ते च क्षाम्यन्तु मां सदा ।
मैत्री मे सर्वभूतेषु,
वैरं मम न केनचित् ॥

"હું સર્વ જીવને ક્ષમા આપું છું; સર્વે જીવો મને ક્ષમા આપો! મારે પ્રાણીઓ સાથે મૈત્રીભાવ છે, મારે કોઈ સાથે વેર નથી."

शिवमस्तु सर्वजगतः
परहितनिरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं,
सर्वत्र जनः सुखी भवतु ॥

સર્વ જગતનું કલ્યાણ થાઓ, પ્રાણી માત્ર પારકાના હિતમાં તત્પર થાઓ, સર્વે દોષો નાશ પામો, અને સર્વ સ્થળે લોકો સુખી થાઓ!

ભજન ધૂન.

સંબંધીઓથી જુદા પડતાં હૃદયમાંથી પ્રકટતા ઉદ્‌ગાર.

૧.

(રાગ—કાફી.)

અમે તો આજ તમારા,
એ દીનના મેમાન;
સફળ કરો આ સહજ સમાગમ,
સુખનું એજ નિદાન. અમે. ૧
આવ્યા જેમ જશું તે રીતે,
સર્વે એમ સમાન;
પાછા કોઇ દિને નહિ મળીએ,
ક્યાં કરશો સન્માન. અમે. ૨
સાચવજો સંબંધ પરસ્પર,
ધર્મે રાખી ધ્યાન;

સંપી સદ્દગુણુ લેજો દેજો,
દુર કરી અભિમાન. અમે. ૩
લેશ નથી અમને અંતરમાં,
માન અને અપમાન;
હોય કશી કડવાશ અમારી,
તો પ્રિય કરજો પાન. અમે. ૪

કેશવકૃતિ.

૨.

ગોરે ગોરે ગોરે મુખકો, ગુમાન છાંડ બાવરે;
રંગ તો પતંગ તેરો, કાલહી ઉડ જાયગો. ગોરે. ૧
ધુવા જૈસી દેહ તેરી, જાત હું ન લાગે દેરી;
નદી કે કીનારે રૂખ, કાલ બહે જાયગો. ગોરે. ૨
મમતાકો છાંડ મન, ધરલે પ્રભુજીકો ધ્યાન;
જુવાની કો માંસ તેરો, શ્વાન હુ ન ખાયગો. ગોરે. ૩
કહેત ગુની તાનસેન, સુનો શાહ અકબર;
બાંધી મુઠી આયો એસો, હાથ પસારે જાયગો. ગોરે. ૪

તાનસેન.

૩.

પ્રભુ પ્રભુ ભજના,
ભવસાગર જટપટ તરના. પ્રભુ૦

કોઇ કછુ કહેસો કહે,
નિંદા સ્તુતિ સબહીં સહે;
નિસદિન પ્રભુ ભજનમેં રહે,
કછુ નહિ કરના. ભવ. પ્રભુ. ૧

જુઠા જાનો સબ સંસાર,
તાસેં કરસો પર ઉપકાર;
ત્યાગો લોભ મોહ મદ માર,
ફીર નહિ ફીરના. ભવ. પ્રભુ. ૨

મત કર દુષ્ટનકો તું સંગ,
જાતેં હોત ભજનમેં ભંગ;
રહેના આપ રૂપમેં ધંગ,
મમત નહિ કરના. ભવ. પ્રભુ. ૩

સંગત સંતનકી હય ભલી,
જાતે લગત જ્ઞાનકી ગલી;
નીકી પ્રભુ પદીધર મીલી,
અબ કયા ડરના. ભવ. પ્રભુ. ૪

નીકીબાઇ.

૪.

ચાદર ઝીણી રામ ઝીણી,
સદા રામરસ ભીની. ચાદર.

અષ્ટ કમલ દલ ચરખા ચલતા,
પાંચ તત્વ કર પીંડી રામ;
નવ દસ માસ બણુનમેં લાગા,
મૂરખ મેલી કીની. ચાદર. ૧

યહ મેરી ચાદર બણુકર આઇ,
ઘર ધોબીકુ દીની રામ;
પ્રેમ શીલાપર પટક પછાડી,
ધોરી કુંદી કીની. ચાદર. ૨

યહ મેરી ચાદર ધુપકર આઇ,
ગુરૂરાજકુ દીની રામ;
પ્રભુ ભક્તિ કો રંગ લગાકે,
ધોરી રંગત કીની. ચાદર. ૩

ધ્રુવ પ્રલ્હાદ બીભીષણુ ઓઢી,
શુકદેવ નિર્મલ કીની રામ;

દાસ કબીરે ઓઢી યુગતસોં,
જ્યું કી ત્યું ધર દીની. ચાદર. ૪

કબીર સાહેબ.

૫.

લોક કે અંત વસે તુજ આતમ,
નૈતમ કિર્ણુ અંહી પ્રસરે છે;
સૃષ્ટિ વિષે અતિ સુંદર રૂપ,
નિહાળી સુધારસ અહીં વરસે છે. ૧.
જ્ઞાન તો રૂપ અરૂપ દર્શન,
ચરણુ વિષે ઉલટે પલટે છે;
એમ રમણુ કરતો હું લાલન,
આત્મ રત્નત્રયી માંહી વસે છે. ૨.

મહાનુભાવ પંડિત લાલન.

૬.

કવાલી.

અગોચર રૂપ હમારા હય;
જડ પુદ્ગલ સેં ન્યારા હય;

નહિ કાલા કે ધોલા હય,
નહિ પીલા કે લીલા હય. અગોચર. ૧
નહિ યોગી કે ભોગી હય,
સંન્યાસી નવાસી હય;
નહિ ગુરૂ હય ન ચેલા હય,
સદા અમતો અકેલા હય. અગોચર. ૨

નહિ સાધુ ગૃહસ્થી હય,
હમારે દિલમેં મસ્તી હય;
મુનિ નહિ હય યતિ નહિ હય,
ન હમકો કો રતિભી હય. અગોચર. ૩
નહિ વક્તા કલાધર હય,
નહિ લેખક વિદ્યાધર હય;
ન ગાયક હય ન સહાયક હય,
હમ સુખ કે ન દાયક હય. અગોચર. ૪
કવિ પંડિત ન જ્ઞાની હય,
નહિ અંતરમેં માની હય;
ન દેતે હય ન લેતે હય,
ઐસીકું હમ ન કહેતે હય. અગોચર. ૫

ન ઘરમેં કે નગરમેં હય,
ન વનમેં હય ન તનમેં હય;
ન દ્રષ્ટા હય, ન દૃષ્ટિ હય,
ન સ્ત્રષ્ટા કે ન સૃષ્ટિ હય. અગોચર. ૬
ન જીતે હય ન મરતે હય,
ન ડરતે હય ન ભરતે હય;
ન કરતે હય ન ફીરતે હય,
ન ઠરતે હય ન તરતે હય. અગોચર. ૭
ન આશી કે નીરાશી હય,
પ્રવાસી ન અભ્યાસી હય;
નહિ હમ કોકો મૂર્છા હય,
ન શિવ પદકી ભી ઇચ્છા હય. અગોચર. ૮

શ્રીયુત ભક્તરાજ શિવાનંદ.

૭.

એ કાયાકી રેલ રેલસે,
અજબ ભક્તિ રાખી હય;
પાપ પુન્ય દો બનાકે નાળી,
અકલ સડક હય ઉસપર ડાલી;

મનકા કાંટા લગા ઇધર,
ચાહે ઉધર ગુમાહી હય. એ.
દયા ધર્મ દો પઇડે બનાએ,
સત્યકા લઠા ખુબ ચડાયા;
માન કમાની લઇ છીન,
દયાનકી સંગળ લાગી હય. એ.
નબસકા ગંટા હરદમ હીલતા,
રેલકા બખ્ત ઇસે નહીં મીલતા;
હાથકા પંખા ગીરા,
રેલ અબ આનેવાલી હય. એ.
આજા મુસાફર કયોં દુઃખ પાતા,
પ્રભુ નામકા ટીકીટ બટત હય;
સમલકે બીસ્તર બાંધ,
રેલ અબ જાનેવાલી હય. એ.
તાર ખબર હીચકી જબ આઇ,
કાવકા દરીયા શિરપર છાંયા;
રેલ ભંવર ગઇ છોડ,
પડા ઇસ્ટેશન ખાલી હય. એ.

૮.

જીગરનો યાર જુદો તો, બધો સંસાર જુદો છે;
બધા સંસારથી એ આ, બેદરકાર જુદો છે.
ગણું ના રાવ રાયાને, ગણું ના આખી દુનિયાને;
પરંતુ જાન આ પર પ્યારીનો, અખત્યાર જુદો છે.
હજારો બોધ મંદીરો, મહીં નીત્યે ભલે થાજો;
અમો મસ્તાનના ઉસ્તાદનો દરબાર જુદો છે.
બધા પરકાર તુફાનો, થઇ ચંચલ ચુકે નિશાન;
હમારા ચિતનો ચારો, અચલ પરકાર જુદો છે.
ઘડીભર બેસ બતલાવું, શીખાવું પ્રેમનો જાદુ;
અમો જાદુગરોનો યાર, તો બાઝાર જુદો છે.
શીખે જે પ્રેમ પુરો તોજ, અચલ અભેદ પામે તું;
નથી જ્યાં પ્રેમ છે જ્યાં ભેદ, એ વ્યવ્હાર જુદો છે.
ભલે ને માહરા પંથે, બધાં એ દુઃખને દેખે;
મને તો સુખ સાગર લ્હેરીનો, કંઇ બહાર જુદો છે.
થયો જે પ્રેમમાં પુરો, થયો છે મુક્ત સર્વેથી;
મહા મસ્તાન ગ્નાનીના, મગજમાં તાર જુદો છે.

શ્રીયુત બાલાશંકર ઉલ્લાસરામ.

૯.

દેખો યારો અજબ તમાસા,
ફેર વખત નહિ આનેકા;
રામ નામકા દેના લેના,
હાટ ભરા સબ સંતોકા. દેખો.

સદ્‌ગુરૂ મેરા મોદી પુરાના,
ભરા કીનારા જ્ઞાનોકા;
સોદા કર લો રોકડ યારો,
નહિ નહિ કામ ઉધારોકા. દેખો.

ભક્તિ જ્ઞાન વૈરાગ ઉઘાડા;
થઇલા જીવન મુક્તિકા;
ખોલ દયા કોઇ લેલો યારો,
એ સોદા નહિ મીલનકા. દેખો.

પ્રેમ તરાજુ તોલો યારો,
જરૂર પારડા ભક્તિકા;
મન ભર તોલે પૂરા શાઈ,
સચ્ચા તોલ ગુરૂગરકા. દેખો.

મેરા નરહર નાવ ગુશાઇ,
બનીયા સાહેબની ગુનકા;
હમાલ મહીપતિ ખડા પસારે,
પલ્લા યારો લેનેકા. દેખો.

૧૦.

સદ્દગુરૂને ભાંગ પીલાઈ,
મોરી અખીઆમેં આ ગઇ લાલી.
ફીરીયાકી કુંડી જ્ઞાનકા સોટા,
શીયલકી સારી બનાઈ. સદ્દ.

ભાવકી ભાંગ મરમકી મીરચી,
ઘુંટનવાલે મેરે સાંઇ. સદ્દ.

સદ્દગુરૂ કહે મેલો મન મમતા;
મોક્ષ મહાનિધી પાઇ. સદ્દ.

એસી ભાંગ પીએ જે સુઘડ નર,
અજર અમર હો જાઇ. સદ્દ.

૧૧.

તજી મસુરકી દાળ,
કથા સુની તજી મસુરકી દાળ.
કામ ન વિસર્યો, ક્રોધ ન વિસર્યો,
ન વિસર્યો મોહ જંજાળ. કથા.
અભ્યાગત કોઇ આંગણુ આવત,
તાકું બતાવત કાલ. કથા.
ઘરમેં આકે બડાઈ કરત હે,
કેસે દીયો હે નીકાલ. કથા.
લકડી ધારે ચોકમેં ફરત હે,
ચલત મન દેહ ફાળ. કથા.
કબીર કહે એસે કપટીકો,
કેસે મીલે દીન દયાળ. કથા.

કબીર કૃત.

૧૨.

હમારો દેશ છે ન્યારો,
પ્રભુ પ્રેમે જણાવાનો;
હમારા દેશમાં શાન્તિ,
અલખ નામે ગણાવાનો. ૧

હમારો તે તમારો છે,
તમારો તે હમારો છે;
સમજતાં સહુ સુખી થાવે,
જઇ દેશમાં ફરી નાવે. ૨

હમારા દેશમાં યોગી,
અલખની ધુન લગાવે છે;
હમારા દેશમાં સંતો,
અલખનાં ગાન ગાવે છે. ૩

નહિ જ્યાં શોક નહિ ત્યાં રોગ,
નહિ જ્યાં જન્મ ને જાતિ;
નહિ જ્યાં દુઃખ દિલગીરી,
નહિ જ્યાં વર્ણને જ્ઞાતિ. ૪

સદા જ્યાં યોગીઓ જાગે,
નાહ કોઇ વૈખરી બોલે;
નહિ જ્યાં કર્મનું નામ,
અતુલ ધન શુદ્ધ કો તોલે. ૫

અખંડ સુખની વહે ધારા,
સદા શુદ્ધબુદ્ધ નિરધારા;

લહે દેશ તે મહારાણા,
અવર સહુ જાણુ નાદાના. ૬

નહિ પંચભુતકા વાસા,
હમારા દેશ બહુ ખાસા;
હમારો દેશ જે જાણે,
અનંતા સુખ તે માણે. ૭

અલખ દેશી અવિનાશી,
પરમપદ એજ વિશ્વાશી;
ચલો હંસા અલખ દેશે,
અરૂપી આત્માના વેશે. ૮

સદા તસ ધ્યાનમાં રહે,
અખંડાનંદ ઘંટ લેજે;
બુદ્ધયબ્ધિ આત્માનો સંગી,
હમારા દેશ ગુણરંગી. ૯

યોગનિષ્ટ મુનીશ્રી બુદ્ધિસાગર.

૧૩.

૫૬. (જિને આપકું જોયા નહિ, એ લય.)

જિને ઇષ્ટનામ લીયા નહિ,
સબ જન્મ વ્યર્થ ગયા સહી;
સબ જન્મ વ્યર્થ ગયા સહી,
જીતા રહો સો કયા હુઆ. જિને૦
યહ કંઠમેં ધરી માલકું,
કરમેં ગ્રહી કરતાલકું;
નિરખ્યા ન દીનદયાલકું,
ભક્તિ કીયા સો કયા હુઆ. જિનો૦
ભગવાં તનુપેં ધાર દે,
શિરકેશ સર્વ નિકાર દે;
મન તો રહા સંસારમેં,
સાધુ હુવા સો કયા હુવા. જિને૦
સબ શાસ્ત્ર જિહ્‌વાસેં બકે,
ખુબ લેખ લેખિનીસેં લિખે;
કબી મર્મકોં વો ના સિખે,
પંડિત હુવા સો કયા હુઆ. જિને૦

ઇંદ્રિયદમન કર ના સકે,
દીનપેં દયા ન કભી ન રખે,
પરમાત્મરસ જો ના ચખે,
જ્ઞાની હુવા સો ક્યા હુઆ. જિને૦

નિજ શિષ્યકા ધનધામ હર,
ઉનપેં રખે તીખી નઝર;
નહિ માર્ગ કહે કલ્યાનકર,
સદ્ગુરુ ભયા સો ક્યા હુઆ. જિને૦

લહેવે સુસિદ્ધિ ભોગકોં,
હુઇ યોગી કભી જાને ન કો
પ્રકૃતિ પુરુષ સંયોગકોં,
યોગી હુવા સો ક્યા હુઆ. જિને૦

ઉપેન્દ્ર ગુરુકોં વિસાર કર,
દોષોહિ ગુરૂમેં નિહાર કર;
નિજ શિષ્યનામ લજાય કર,
સાધક હુઆ સો ક્યા હુઆ. જિને૦

બે સખીઓનો વિનોદ.

ચાંપુબાઈ—હીરબાઇ! હમણાં વાંચનમાં શું ચાલે છે.

હીરબાઇ—બ્હેન! હાલ વર્તમાનકાળમાં શ્રાવિકા ભુષણ પ્રથમ અલંકાર વાંચી વિનોદ પામું છું.

ચાંપુબાઇ—શાણી સખી! તમો એકલાંજ વાંચી વિનોદ પામો એ ઠીક ન કહેવાય, તે પુસ્તક ક્યાં મળે છે, અને તેની શું કિંમત છે, તથા તેમાં શેનું વર્ણન છે તે તો કહો?

હીરબાઇ—બ્હેન! તે પુસ્તક જાણીતા **જૈન બુકસેલર્સ એન્ડ પબ્લીશર્સ મેસર્સ મેઘજી હીરજીની કંપની** (પાયધુની નં. ૫૬૬) માં મળે છે, અને તે પુસ્તકની ૪૦૦ પૃષ્ટવાળું પાકી સુંદર બાઇડીંગ છતાં કિંમત માત્ર રૂ. ૧–૦–૦ રાખી છે તેથી ખુશી થવા જેવું છે.

ચાંપુબાઈ—તે તો બધું ઠીક પણ અંદર કાંઈ રહસ્ય છે કે, કેવળ બહારનો આડંબર છે, કોઈ વર્તમાનપત્રો, જૈન વિદ્વાનો, પવિત્ર મુનિરાજો, કોઇએ પણ અભિપ્રાય આપ્યો છે કે કેમ ? અને તે ક્યારે પ્રગટ થઇ તથા તેની આજ દિવસ સુધીમાં કેટલી આવૃત્તિ થઇ તે જણાવો ?

હીરબાઈ—સુજ્ઞ સજની ! તે પુસ્તક સંવત ૧૯૬૪ ની સાલમાં પ્રગટ થયું છે. આજે તેની ત્રીજી આવૃત્તિ પ્રવર્તે છે, તેને માટે **મુંબઇ સમાચારના અધિપતિએ, આપણી જૈન શ્વેતામ્બર મૂર્તીપૂજક કોનફરન્સ તરફથી પ્રગટ થતા હેરલ્ડ નામના માસિકના વિદ્વાન અધિપતિએ, સ્થાનકવાસી જૈન સમાચારના અધિપતિએ અને પવિત્ર ગણાતા પન્યાસ કેશરવિજયજી મહારાજ** ઇત્યાદિએ તેની એકી અવાજે પ્રશંસા કરી છે, એટલું જ નહિ, પણ શ્રાવક તથા શ્રાવિકા વર્ગને વાંચવા ખાસ સુચના કરી છે. તેમ જ અજ્ઞાન સ્ત્રી-

ઓને વાંચી સંભળાવવાથી પણ તે ગમે તેવી કુટીલ હોય તોપણ તે સદ્દગુણી બનશે એવો તેઓનો અભિપ્રાય છે. પુસ્તકની અંદરનું વર્ણન કરવાને મને પુરતા શબ્દો આવડતા નથી, છતાં પણ કિંચિત સાર કહું છું કે તે ગ્રંથમાં આપણો ગૃહસંસાર કેવી રીતે ચલાવવો, તેને માટે આ પુસ્તકમાં અત્યંત સુંદર બોધ દાખલ કરેલ છે, અને તે પણ વાર્તારૂપે છે. તેથી વાંચતાં બહુ આનંદ આવે છે એટલું જ નહિ, પણ અંદર ધાર્મીક બોધ પણ બહુ સરસ છે.

ચાંપુબાઇ—બ્હેન શ્રી! તેવાં અમૂલ્ય પુસ્તકોનો લાભ મને પણ આપવો જોઇએ.

હીરબાઈ—સદ્દગુણી સાહેલી! મને જણાવતાં બહુ ખેદ થાય છે કે—" આપણી જૈન કોમમાં જ્ઞાનરૂપી સૂર્ય અસ્ત થયો છે; તેમાં પણ આપણી મહિલા મંડળમાં તો જ્ઞાનની બહુ જ ખામી દેખાય છે અને તેથી આપણો જૈન ધર્મ નિસ્તેજ થઈ ગયો છે."

ચાંપુબાઇ—ગુણીયલ બ્હેન! તમો કહો છો તે વાત ખરી છે. જ્ઞાન વિના આપણે આપણું કર્તવ્ય કદાપિ કાળે સમજી શકવાના નથી. માટે દરેક શ્રાવીકાઓ આવા ધાર્મીક અને વ્યવહારીક બોધ-દાયક પુસ્તકો અવશ્ય વાંચવાં અને સાંભળવાં જોઇએ.

હીરબાઈ—બ્હેન શ્રા! તમો કહો છો તેમ થાય તો આપણો ઉદ્ધાર થાય, પણ આજકાલ આપણી બ્હેનોને ઘણે ભાગે જ્ઞાન તરફ રૂચી જ થોડી છે. તેથી આપણા સુખના દિવસ હજુ છેટે છે.

ચાંપુબાઇ—બ્હેન! હું આવતી કાલે બપોરના ૧ થી ૩ વાગ્યા સુધી શ્રાવિકા ભુષણ શ્રવણ કરવાં આવીશ અને આવતી કાલે જ્ઞાન પંચમીનો દિવસ હોવાથી, પુસ્તકોની પ્રભાવના કરવા વિચાર છે તો પ્રભાવના કરવા લાયક કોઇ ઉત્તમ પુસ્તકો હોય તો તેમનાં નામ અને કિંમત કહો.

હીરબાઇ—આપનો પુસ્તક પ્રભાવનાનો વીચાર સાંભળી મને બહુ આનંદ થાય છે. આપણામાં જે પતાસાં, બદામ, સાકર ઈત્યાદિની પ્રભાવના કરવ

નો રીવાજ પ્રચલિત છે, તેની અંદર દીર્ઘદ્રષ્ટિ કરતાં પાપ વધી જાય છે–કારણ, આપણા હાથમાં પડી ગયેલ પતાસાં ઉપર લાખો કીડી મંકોડી ભેગી થાય છે અને તેનો માણુસોના પગ તળે કચ્ચરઘાણ વળે છે. તે આપણે નજરે જોઇએ છીએ. વળી **જ્ઞાનદાન એ સર્વોતમ દાન છે,** એમ શાસ્ત્રકારો પણ ભાંખી ગયા છે. તો આપના આ શુભ વિચારો માટે આપને ધન્યવાદ આપું છું અને પ્રભાવના માટેનાં પુસ્તકોનાં નામ નીચે પ્રમાણે છે, તેમજ તેની કીંમત પણ તદ્દન સસ્તી છે.

શ્રાવિકા ભુષણ ભા. ૧.	...	...	૧—૦–૦
,, ભા. ૨.	...	...	૧—૦–૦
,, ભા. ૩.	...	...	૧—૦–૦
,, ભા. ૪.	...	...	૧—૪–૦
શ્રાવિકા સુબોધ દર્પણ.	...	...	૦–૧૨–૦
શ્રાવક સંસાર.	...	...	૦–૧૨–૦
જૈન સતીમંડળ ભા. ૧.	...	...	૧—૪–૦
સતી મંડળ ભા. ૨.	...	...	૧—૦–૦

,, ગરબાવળી	૦—૨—૬
ગુહલી સંગ્રહ.	૦—૪—૦
સ્ત્રીકેળવણી અને સદ્દવર્તન	૦—૨—૦
જૈન લગ્ન ગીત સંગ્રહ.	૦—૨—૦

ઉપરોક્ત પુસ્તકોમાંથી તમારી શક્તિ અનુસાર, પુસ્તકો પસંદ કરી જ્ઞાનદાન કરો.

ચાંપુબાઇ—વારૂ. આવતી કાલે શ્રાવિકાભુષણની ચોપડીઓ મારી ગુણીયલ સખીઓને ભેટ મોકલાવીશ. આજે પતિસેવાનો વખત થઇ ગયો છે માટે જાઉં છું. (એટલું કહી જાય છે.)—આવજો હો! બેન!

એટલું તો નિર્વિવાદ છે કે

જેનાં અજ્ઞાનરૂપી પડળ ખુલ્લાં થવાનાં હોય, દેશનો, કોમનો અને સ્વનો ઉદય એજ જેનો જીવન ઉદ્દેશ હોય, ઉંચી સ્થિતિએ ચડી કાંઇ પણ કીર્તીનાં કામો કરવાનું જેના નશીબમાં હોય, સંતાનોને દેશના વીરો બનાવવાનો જેનું નિશાન હોય, અને છેવટે આ અસાર સંસારને છોડી મુક્તિ મેળવી જીવન સાફલ્ય કરનાર હોય તેનેજ ઉત્તમ પુસ્તક વાંચવાનું મન થાય છે.

વાંચવા વિચારવા અને મનન કરવા લાયક ઉત્તમોત્તમ પુસ્તકો તૈયાર છે.

આત્માવબોધકુલક યાને

આત્મજ્ઞાન.

અનુભવ રત્નચિંતામણી, અનુભવ સિદ્ધસ્વરૂપ;
અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ કેવળરૂપ.

સંસારના ભયનો જય અને મોક્ષની પ્રાપ્તિની ખાતરી અનુભવજ્ઞાનથીજ થાય છે.

મૂળ ગ્રંથકાર **શ્રીમદ્ જયશેખરસૂરી.**

સંસ્કૃતમાં છાયાકાર બનારસ પાઠશાળાના એક **વિદ્યાર્થી,** ગુજરાતમાં શબ્દાર્થે રૂપ અનુવાદન કરનાર એક **મુનિરાજ,** વિવેચનકાર સુપ્રસિદ્ધ વક્તા **પંડિત લાલન.**

ઉંચા કાગળ, સુંદર છપાઇ, પાકું સુંદર પૂઠું, છતાં કિંમત માત્ર આઠ આના, પોષ્ટેજ ખર્ચ જુદું.

પંડિતશ્રીનાં બનાવલ **પુસ્તકોનું યશોગાન** કરનાર તથા દરેક જૈન વ્યક્તિને વાંચવા આમંત્રણ કરનાર મહામુનિરાજો અને વર્તમાન **પત્રોના નામના પરિચય.**

ગ્રંથની અનુક્રમણિકા અથવા ગ્રંથમાં આવેલા ઉત્તમોત્તમ આત્મજ્ઞાનના **અપૂર્વ વિષયોમાંથી** માત્ર થોડાક વિષયોનું **દિગ્દર્શન.**

આત્મબોધ શાથી થાય છે ? આત્માને જાણનારની સ્થિતિ કેવી હોય ? આત્મજ્ઞાનથી કેટલો

ફાયદો થાય છે? દેહ કેવો આત્મહીન છે? શું સ્ત્રીની અભિલાષાવાળો મન વશ કરી શકે? કુટુંબનું મમત્વ કેવું છે? જોતો ખરો, તારૂં અંતરંગ કુટુંબ કેવું છે? **પંડિત લાલન** પોતાની આઠ સ્ત્રીઓને શું ઉપદેશ આપે છે? આત્માસ્થિતિનો વિચાર કરતાં શું થશે? મોક્ષનગરનું રાજ સહેજમાં કેમ પ્રાપ્ત થાય? કયું એકજ કાર્ય કરવું? વિગેરે અનેક આત્મજ્ઞાન થાય તેવા વિષયો આ પુસ્તકમાં છે. જેઓને મોક્ષનગરનું રાજ્ય મેળવવું હોય **તેઓએજ** આ પુસ્તક **વાંચવું.**

પંડિતશ્રીની કૃતિનાં પુસ્તકો.

૧	જૈનમાર્ગ પ્રારંભ પોથી ભાગ	૧ ...	રૂ. ૦–૧–૦
૨	,, ,,	૨ ...	રૂ. ૦–૧–૬
૩	જૈનમાર્ગ પ્રવેશીકા ભાગ	૧ ...	રૂ. ૦–૨–૦
૪	,, ,,	૨ ...	રૂ. ૦–૨–૦
૫	,, ,,	૩ ...	રૂ. ૦–૪–૦
૬	શ્રી પરમજ્યોતિ પંચાવંશતી	...	રૂ. ૦–૮–૦
૭	નયકર્ણિકા	...	રૂ. ૦–૬–૦

સદ્વકતા—આવૃત્તિ બીજી. છટાદાર ભાષણ કરવાની રીત. આ ગ્રંથ માટે મરહુમ સાક્ષરરત્ન મણિલાલ નભુભાઈ બી. એ. અને વર્તમાનપત્રોએ એકી અવાજે પ્રશંશા કરી છે, અને સાથે જણાવ્યું છે કે આવુ ઉત્તમ પુસ્તક ગુર્જર ભાષામાં હજી એક પણ બહાર પડયું નથી. આ ગ્રંથ દરેક વ્યક્તિ અવશ્યક વાંચશે. રૂા. ૦—૧૨—૦

મુનિ મહારાજ શ્રી રાજવિજયજી, મહારાજ શ્રી હંશવિજયજી, મહારાજ શ્રી ભક્તિવિજયજી, મહારાજ શ્રી કાંતિવિજયજી પ્રવર્તક, મહારાજ શ્રી કર્પુરવિજયજી, મહારાજ શ્રી મણિવિજયજી, તથા શ્રી નાનચંદજી અને ગુજરાતી ભાષામાં નિકળતાં વર્તમાનપત્રો એકી અવાજે પંડિતશ્રીની કૃતિના પુસ્તકોને વખાણે છે અને દરેકને વાંચવા ભલામણ કરે છે.

પંડિતશ્રીનાં તમામ પુસ્તકો મળવાનું ઠેકાણું.

મેસર્સ મેઘજી હીરજીની કંપની.

પાયધુની નં. ૫૬૬—**મુંબઇ.**

૧ શ્રી આનંદમંદીર નોવેલ
આવૃત્તિ બીજી ... ... ૧—

૨ ,, દાનવીર રત્નપાળ ... ૦-૧

૩ ,, ઉત્તમકુમાર ૦-૧

૪ ,, પાંડવ પ્રબોધ (પાંડવ ચરિત્ર) ... ... ૧—૮—૦

૫ ,, ધર્મવીર જયાનંદ ભાગ ૧ ૦-૧૨-૦

૬ ,, ,, ,, ભાગ ૨ ૦-૧૨-૦

૭ ,, તત્ત્વભૂમીમાં પ્રવાસ (આ પુસ્તકમાં એક મુસાફર તત્ત્વોની શોધ કરવા ગમન કરે છે)... ૧—૨—૦

લખો અને પધારો,

મેઘજી હીરજીની કુંપની.

પાયધુની નં. ૫૬૬-મુંબઈ.